વડીલોને વંદન અભિનંદન

જસુબેન ભોગીલાલ ઠાકર
(૧૯૪૬)ફોન: ૨૩૨૨૫૧૪૨

વિનોદચંદ્ર ભોગીલાલ પંડ્યા
(૧૯૪૮)ફોન: ૨૩૨૩૩૪૫૪

ઈશ્વરભાઈ જોઈતારામ પટેલ
(૧૯૩૭)મો.૯૮૨૫૪૮૭૭૭૫

કે. બી. ઠાકોર
મો. ૯૯૭૪૧૪૧૩૮૨

ખેડબ્રહ્મા-અંબાજી હાઈ-વે પર જીપ ગરનાળામાં ખાબકતા ૧૫ને ઈજા

ખેડબ્રહ્મા, તા.૨૪

ખેડબ્રહ્મા અંબાજી હાઈ-વે પર લાલસિંહજી કંપા પાટીયા પર રાધીવાડા તરફથી આવતી મુસાફરો ભરેલી એક જીપ ગરનાળામાં ખાબકી હતી જેમાં ૧૫ મુસાફરોને ગંભીર ઈજાઓ થતા હિંમતનગર અને અમદાવાદની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા અંબાજી હાઈવે પર લાલસિંહજી કંપા પાટીયા પાસે રવિવારના રોજ બપોરે રાધીવાડ તરફથી ખેડબ્રહ્મા આવતી મુસાફરોથી ભરચક જીપ નં. જીજે-૧-એચ.એચ. ૧૧૬ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે જીપ હંકારતા અચાનક પોતાના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દીધો હતો જેથી જીપ માર્ગ પરથી ઉતરી ગરનાળામાં ખાબકી હતી જીપ ખાબકતા તેમાં બેઠેલા મુસાફરોની ચીસાચીસ સાંભળી માર્ગ પરથી પસાર થતા અન્ય વાહન ચાલકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને ૧૦૮ને જાણ કરી હતી. ૧૦૮ તાબડતોબ ઘટના સ્થળે આવી દશરથભાઈ પ્રજાપતિ ઉ.વ.૩૯, સિધ્ધાર્થ પ્રજાપતિ ઉ.વ.૦૬, પ્રિયાંશ પ્રજાપતિ ઉ.વ.૭, ભરત પરમાર ઉ.વ. ૨૭ દિલીપભાઈ દેવડા ઉ.વ. ૧૮, પ્રવિણભાઈ દેવડા ઉ.વ.૨૦ અને વિનોદભાઈ દેવડા ઉ.વ.૨૦ને ખેડબ્રહ્મા હોસ્પિટલમાં જયારે નરેશભાઈ દેવડા ઉ.વ.૨૨, પુષ્પાબેન પ્રજાપતિ ઉ.વ.૩૫, બળવંતભાઈ દેવડા ઉ.વ.૨૨, ભિખાભાઈ પ્રજાપતિ ઉ.વ.૭૦, ડાહીબેન પ્રજાપતિ ઉ.વ.૫૦, સુરજીબેન પ્રજાપતિ ઉ.વ.૩૫ અને જીપ ચાલક મગનભાઈ દેવડા ઉ.વ.૩૦ને હિંમતનગર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા તેમજ જાગૃતિબેન પ્રજાપતિ ઉ.વ.૨૯ની હાલક નાજુક જણાતા તેમને વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતાં.

ધરમપુર ગામે નજીવી બાબતે પાઈપ અને ધારીયા ઉછળ્યા

મારામારી કરીને મહિલાના કપડા ફાડી નાંખી લાજ લુંટવાનો પ્રયાસ : જાનથી મારી નાંખવાની ધમકી અપાઈ હોવાની કોસ ફરિયાદ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નજીક આવેલા ધરમપુર ભુંડીયા ગામની સીમમાં ગઈકાલે મોડીસાંજે જમીનના રસ્તા બાબતની અદાવતમાં બે જુથો વચ્ચે મોટું ધીંગાણું સર્જાયું હતું. એક જૂથના માણસો દ્વારા મારામારી કરીને મહિલાના કપડા ફાડી લાજ લુંટવાનો પ્રયાસ કરવાની ફરીયાદ આપવામાં આવી છે. જ્યારે આ મામલે થયેલી કોસ પોલીસ ફરીયાદમાં બીજા જુથે જાનથી મારી નાંખવાની ધમકી આપી લોખંડની પાઈપ, લાકડી અને ધારીયાથી હુમલો કર્યો હોવાની ફરીયાદ ચિલોડા પોલીસમથકે નોંધાવા પામી છે.

મળતી માહિતી મુજબ ધરમપુર ભુંડીયા ગામની એક મહિલાએ આપેલી ફરીયાદ મુજબ ગામનાં જ પ્રવિણસિંહ ઊર્ફે રોહીતસિંહ મનુજી રાણા, મધુબેન મનુજી રાણા અને પારસબેન પ્રવિણસિંહ રાણા ત્રણેય વ્યક્તિઓએ ગેરકાયદેસર ગૃહ પ્રવેશ કરીને પ્રવિણસિંહે એકલતાનો લાભ લઈ બિભત્સ માંગણીઓ કરી કપડા ફાડી લાજ લુંટવાનો પ્રયત્ન કર્યો હતો અને મધુબેન તથા પારસબેને લાકડી તથા કુહાડી લઈ આવીને મારવાનો પ્રયત્ન કરી ઝપાઝપી કરી હતી. જે ફરીયાદ મુજબ પોલીસે ત્રણેય વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે તો આ જ કિસ્સામાં કોસ પોલીસ ફરીયાદ નોંધાવા પામી છે. મધુબેન રાણાએ આપેલી કોસ પોલીસ ફરીયાદ મુજબ જમીનના રસ્તા બાબતે અદાવત રાખીને બોલાચાલી કરી કરણસિંહ રાણા, ગૌતમજી રાણા અને પ્રભાતબા રાણાએ મધુબેનને લોખંડની પાઈપ, લાકડી અને ધારીયાથી માર માર્યો હતો અને જાનથી મારી નાંકવાની ધમકી આપી હતી બન્ને પક્ષેથી ફરીયાદ લઈને ચિલોડા પોલીસમથકના પી.એસ.આઈ. એસ.આર. પટેલે તટસ્થ તપાસ શરૂ કરી છે.

ડીસાના સરકારી ગોળીયા પાસે મોટર સાયકલ અને જીપ વચ્ચે અકસ્માતમાં બે ના મોત

મોટર સાયકલ પર સવાર કાકા અને ભત્રીજાના મોતથી ગામમાં શોકનું મોજુ

ડીસા, તા. ૨૪

ડીસા તાલુકાના થરાદ રોડ પર આવેલા સરકારી ગોળીયા ગામ પાસે માણકી જવાના રસ્તા પર સાંજે એક જીપડાલા ચાલકે પોતાની જીપ ગફલતભરી રીતે હંકારી સામેથી આવતી મોટર સાયકલને જોરદાર ટકકર મારી હતી. જેમાં મોટર સાયકલ પર સવાર કાકા-ભત્રીજાનું ગંભીર ઈજાઓ થતા ઘટના સ્થળે જ કરૂણ મોત થયુંહતું. જેનાથી નાનકડા એવા માણકી ગામમાં અરેરાટી ફેલાઈ હતી.

આ ગમખ્વાર અકસ્માતની વિગતો જોઈએ તો ડીસાનાં માણકી ગામે રહેતાં જીવણભાઈ છગનભાઈ ઠાકોર, ઉ.વ.૧૨ સાથે મોટર સાયકલ નંબર જીજે-૮-કે-૩૩૦૭ લઈ આવી રહ્યા હતા તેવા જ સમયે ડીસાથી સરકારી ગોળીયા ગામથી માણકી જવાના રસ્તા પરથી આવેલ જીપડાલા નંબર જીજે-૧૨-વી-૬૩૬૭ ના ચાલકે ગફલતભર્યું ડ્રાઈવીંગ કરી જીપના સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા આ જીપડાલુ સામેથી આવતી મોટર સાયકલ સાથે ધડાકાભેર અથડાયું હતું. જીપડાલાની ટકકરે મોટર સાયકલ પર કાકા-ભત્રીજો રોડ પર પટકાતાંતેઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને ઈજાઓ થતાં તેઓનું ઘટના સ્થળે કરૂણ મોત થયું હતું. આ મામલે પોલીસે જીપડાલા ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કરી ધોરણસર તપાસ હાથ ધરેલ છે. જયારે માણકી ગામમાં કાકા ભત્રીજાનું અકસ્માતે અકાળે અવસાન થતા સમગ્ર ગામમાં શોકનું મોજું છવાયું હતું.

ઈન્કમટેક્ષથી ગાંધીનગર આવવા સાંજની બસ શરૂ કરવા કર્મચારીઓની ઉગ્ર માંગ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના ઘણા કર્મચારીઓ નોકરી અર્થે અમદાવાદ જાય છે. જેઓને સાંજે ૫ થી ૭ના ગાળામાં પરત ફરવા માટે સમયયર બસ મળતી નથી. હજારોની સંખ્યામાં મુસાફરોને સાંજે ગાંધીનગર આવવા માટે હાલાકી વેઠવી પડે છે. પ્રાઈવેટ સાધનો પણ નિયત સમયે મળતા નથી. ઓફીસ છૂટવાના સમયે તંત્ર દ્વારા બસ સેવા શરૂ કરવામાં આવે તો મુસાફરોને રાહત થાય. ખાસ તો, ગાંધીનગરથી અમદાવાદ જતાં અનેક મુસાફરો બસ સુવિધા ન હોવાથી મુશ્કેલી અનુભવી રહ્યા છે. સાંજે ૬.૧૫ કલાકે બસ રૂટ શરૂ કરવામાં આવે તો કર્મચારી વર્ગને મોટી રાહત થાય.

ગુજરાતના પાટનગરથી અમદાવાદ તથા અમદાવાદથી ગાંધીનગર નોકરી અર્થે હજારો ભાઈઓ-બહેનો અપડાઉન કરે છે. અમદાવાદના ઈન્કમટેક્ષથી સાંજે કર્મચારીઓને ખૂબ જ અનુકુળ થયેલી બસ ૬.૧૫ની નિયમિત ગાંધીનગર માટે ચાલતી હતી. કોઈ કારણસર છેલ્લા સાત વર્ષથી આ બસ બંધ થઈ ગઈ છે! ટ્રાફિક વધ્યો છે, અને બસ બંધ થઈ. સાંજના સમયે ૬ વાગ્યા પછી ઈન્કમટેક્ષની આજુબાજુ આવેલી અઢળક કચેરીઓમાંથી ઘણા મુસાફરો આવે છે, પણ આગળથી એટલે કે લાલદરવાજા, ગીતા મંદિર કે પોલીટેકનીકથી આવતી બસો ચિક્કાર ભરેલી હોવાથી ઉભી રહેતી નથી તેથી ૨ કલાકની ઉભાઉભા તપસ્યા કર્યા પછી ગાંધીનગરથી પોઈન્ટની બસો અમદાવાદ આવતી વળતાં પાછી ફરે ત્યારે બસ મળતી હોય છે!

સમજાતું નથી કે, આશ્રમ રોડ એ શહેરનું હૃદય છે આ જગ્યાએથી ગાંધીનગર આવવા એક નહિ પણ બે બસો પણ ઓછી પડે એમ છે ત્યારે શહેરી બસ સત્તાવાળા બંધ પડેલી બસને પુનઃ કયારે શરુ કરશે! એવી લોકલાગણી અને હૈયા વરાળ નીકળતી જોવા મળે છે.

ગુજરાતભરમાં ગરમી હાલ યથાવત ગાંધીનગર ૩૬.૨

અમદાવાદ, તા.૨૪

અમદાવાદ સહિત રાજયમાં આજે પણ ગરમીનું પ્રમાણ ચાલુ રહ્યું હતું. રાજયમાં આજે સૌથી વધુ ગરમી ગાંધીનગર અને વલ્લભ વિદ્યાનગરમાં ૩૬.૨ ડિગ્રી સેલ્સીયસ નોંધાઈ હતી.

હવામાન વિભાગની આગાહી છે કેઆવતીકાલે રાજયના તમામ જિલ્લા, દીવ,દમણ અને દાદરા-નગર-હવેલીમાં ગરમીનું પ્રમાણ ચાલુ રહેશે. જયારે અમદાવાદમાં આકાશ વાદળછાયુ રહેશે અને મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રીની આસપાસ રહેવાની શકયા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૪.૯ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૨.૪ ડિગ્રી સેલ્સીયસ નોંધાયુ હતુ. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૬૧ ટકા અને સાંજે પ.૩૦ વાગ્યે ૨૩ ટકા નોંધાયુ હતુ. અમદાવાદમાં ગરમીને કારણે તરબુચ, બરફના ગોળા, શેરડીનો રસ, આઈસક્રીમ વગેરેના વેચાણમાં વધારો જોવા મળ્યો છે. લોકો રાત્રે લટાર મારવા નીકલે છે. પંખા, એરકંડીશનરો અને એર કુલરોના વેચાણમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. રાજયમાં મહત્તમ તાપમાન કંડલા બંદરમાં ૩૨.૫, ભાવનગરમાં ૩૪.૨, ભુજમાં ૩૫.૨, ગાંધીનગરમાં ૩૬.૨, વલ્લભવિદ્યાનગરમાં ૩૬.૨, વડોદરામાં ૩૫, સુરતમાં ૩૩.૯, રાજકોટમાં ૩૪.૮, સુરેન્દ્રનગરમાં ૩૫.૩ અને ડિસામાં ૩૪.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુહતુ.

રાજયમાં મહિલા હેલ્પલાઈન ૧૦૯૧ શરૂ કરાઈ

ગાંધીનગર, તા.૨૪

દેશમાં મહિલાઓ ઉપર થઈ રહેલી જઘન્ય ઘટનાઓ ન બને તે માટે રાજયમાં મહિલા હેલ્પલાઈન શરુ કરવામાં આવી છે. આ હેલ્પલાઈન નંબરના સ્ટીકર, લગાવાની સૌ પ્રથમ પહેલ રાજયની એસ.ટી. નિગમ દ્વારા કરવામાં આવી છે અને દરેક બસોમાં નંબર લગાવવામાં આવ્યો છે.



પોલિસ તંત્ર દ્વારા મહિલાઓ સાથે બનતી અભદ્ર ઘટનાઓ અને તેમની સલામતી માટે તાત્કાલીક પોલીસ મદદ મળી રહે તે હેતુસર ખાસ હેલ્પલાઈન ૧૦૯૧ શરુ કરવામાં આવી છે.જે ચોવીસે કલાક કાર્યરત રહેશે તેમજ આ હેલ્પ લાઈન નંબર ડાયલ કરવાથી મહિલા પોલિસ જવાબ આપશે. જેથી ઘટનાની ભોગ બનેલી મહિલા પોતાની આપવિતી નિઃસંકોચ પણે જણાવી શકશે.

આ હેલ્પલાઈન નંબર દ્વારા મહિલાઓ સાથેના દુષ્કર્મો, છેડતી, બળાત્કાર, અછોડા તોડવા જેવી બનતી ઘટનાઓ ઉપર કાબુ મેળવી શકાશે તેમજ ઘટના સમયે તાત્કાલિક પોલીસ મદદ મળવાથી ગુનેગારોને પકડવામાં સહાયરૂપ થઈ શકશે.

જો કે આજકાલ રાજયમાં વધતી ગુનાખોરી તેમજ બહેન દીકરીઓ સાથેના છેડતીના બનાવ અને સોનાના દોરા ખેંચવાની ઘટનાઓમાં ગુનેગારો સિફતપૂર્વક છટકી જાય છે તે જોતા આ હેલ્પલાઈન વડે પોલિસ ગુનેગારોને પકડી શકશે કે કેમ તે પ્રશ્ન પ્રજાની વચ્ચે ચર્ચાઈ રહ્યો છે. સાથે મહિલાઓ બદનામ થવાના ડરથી પોતાનું મૌન તોડીને આ સેવાનો ઉપયોગ કરીને ન્યાય મેળવી શકશે કે કેમ એ પણ ચર્ચાઈ રહ્યું છે.

(તસવીર : દિલીપ પ્રજાપતિ)

ધનસુરાના તળાવમાં બે સગાભાઈ ડુબી જતાં કરૂણ મોત

ધનસુરા, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના ધનસુરા ખાતે આવેલા એક તળાવ પાસે છાણા વીણવા ગયેલા બે સગા ભાઈઓ તળાવના પાણીમાં ડુબી જતાં બન્નેનું કરૂણ મોત નિપજ્યું હતું. આ ઘટના સંદર્ભે ધનસુરા પંથકમાં ભારે અરેરાટી વ્યાપી જવા પામી હતી અને પરિવારજનો શોકમગ્ન બન્યા હતા.

ધનસુરા ખાતે રહેતા કાન્તિભાઈ બબાભાઈ ઠાકોર ખેતી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. તેમના પરિવારમાં બે પુત્રો અને એક પુત્રી છે. ખેતીમાં ઘઉંની સિઝન હોવાથી કાન્તિભાઈ ઠાકોર ખેતરમાં ઘઉંની કાપણી કરતા હતા. ત્યારે તેમના બન્ને બાળકો અજય અને મનિષ તેમને કહીને છાણા વીણવા ગયા હતા. છાણા વીણીને તરત પરત પણ આવ્યા હતા ને કાન્તિભાઈને બીજા છાણા વીણવાનું કહીને બંને ભાઈઓ ત્યાંથી રવાના થયા હતા. તળાવના કિનારે છાણા વિણતા ભાઈનો પગ લપસતા પાણીમાં ડુબલા લાગ્યો હતો. જેને જોઈને બીજો ભાઈ પોતાના ભાઈને બચાવવા માટે તળાવમાં કુદી પડ્યો હતો. પરંતુ ઉંડા તળાવમાં બંને ભાઈઓ મોતને ભેટ્યા હતા. કાન્તિભાઈએ સમય વિતવા છતા પોતાના બાળકો પરત ન આવતા તેમની પુત્રીને પુછ્યું કે ભાઈ ક્યા ગયા છે તો તેણે કહ્યું ભાઈ તો ડુબી ગયા છે. આ સાંભળીને પુત્રીએ બતાવેલી જગ્યાએ પાણીમાં જંપલાવ્યું અને માંડ માંડ પોતાના જીવ બચાવી બંને પુત્રોના મૃતદેહ બહાર નીકાળ્યા હતા. મૃતદેહને બહાર નીકાળતાની સાથે જ કાન્તિભાઈ હૈયાફાટ રૂદન કરતા ઉપસ્થિત લોકોના આંખમાં પણ આંસુ આવી ગયા હતા. ઘટનાની ખબર ધનસુરા પંથકમાં વાયુવેગે પ્રસરતા હાહાકાર મચી ગયો હતો.

કેન્દ્ર સરકારના ફેમીલી પેન્શન સુધારવાના આદેશથી જુના પેન્શનર્સને મળતા પેન્શનમાં એકસૂત્રતા સર્જાશે

ગાંધીનગર, તા.૨૪

કેન્દ્ર સરકારના પેન્શન અને પેન્શનર કલ્યાણ વિભાગે તા. ૨૮ જાન્યુઆરી ૨૦૧૩ના ઓ.એમ.નં.એફ.નં. ૩૮/૩૭/૦૮ પી એન્ડ પી ડબલ્યુ (એ)થી સને ૨૦૦૬ પહેલાના પેન્શનરોના પેન્શન રીવીઝન અન્વયે છઠ્ઠા પે કમિશન અન્વયે નક્કી થયેલા પે બેન્ડ અને પે ગ્રેડના સરવાળાના ૫૦ ટકા સુધી પેન્શન અને તે અન્વયે ફેમીલી પેન્શન સુધારવાના આદેશ કર્યા છે. જેનો લાભ રાજય સરકારના કર્મચારીને મળ્યો નથી જે સત્વરે મળે તેવી પેન્શનરોની માંગણી છે.

ગાંધીનગર સેકટર-૭-ડી, નિવૃત્ત અધિકારી મંડળના પ્રમુખ જે.જી. ભટ્ટે જણાવ્યું છે કે તાજેતરમાં કેન્દ્ર સરકારના પેન્શન અને પેન્શનર કલ્યાણ વિભાગે તા. ૨૮મી જાન્યુઆરી ૨૦૧૩ના ઓ.એમ.નં. એફ. નં. ૩૮/૩૭/૦૮ પી એન્ડ પી ડબલ્યુ (એ)થી સને ૨૦૦૬ પહેલાના પેન્શનરોના પેન્શન રીવીજન અન્વયે ૬ઠ્ઠા પે કમિશન અન્વયે નક્કી થયેલ પે બેન્ડ અને પે ગ્રેડના સરવાળાના ૫૦ ટકા સુધી પેન્શન અને તે અન્વયે ફેમીલી પેન્શન સુધારવાના આદેશ કર્યા છે અને ત્યારબાદ ૧૩ ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ અન્ય આદેશ કર્યા છે. જે મુજબ રાજય સરકાર ઠરાવ આદેશ કરી ગુજરાત રાજયના પેન્શનરો અને ફેમીલી પેન્શનરોને તેના જોડાણ પત્રક કરતા ઓછું પેન્શન મળતું હોય તેમને તે મુજબ પેન્શન-ફેમીલી પેન્શન સને ૧૯૮૬, ૧૯૯૬ અને ૨૦૦૬ પહેલાંના પેન્શનરોને લઘુત્તમ ૫૦ટકા સુધીનું એક સમાન પેન્શન, ફેમીલી પેન્શન કેન્દ્ર સરકારે મંજૂર કર્યું હતું જે તા.૨૪મી સપ્ટેમ્બર ૨૦૧૨ની અસરથી મળતું થાય છે જેથી જૂના પેન્શનરો, ફેમીલી પેન્શનરોને મળતા પેન્શનમાં એકસૂત્રતા થાય.

બોંબ ધડાકાની ધમકીથી પોલીસ દોડતી થઈ ગઈ

અમદાવાદ, તા.૨૪

આતંકવાદીઓ હંમેશા શહેરોના ભરચક વિસ્તારોને પોતાનો ટાર્ગેટ બનાવતા હોય છે. ત્યારે અમદાવાદના પોલીસ કંટ્રોલ રુમમાં અમદાવાદની ભરચક વિસ્તાર ગણાતી રવીવારી બજારને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આવતા પોલીસને દોડતી કરી દીધી હતી.

એટ્રોસિટીની ફરિયાદમાં પોલીસને સમન્સ બજ્યા નહીં

અમદાવાદ, તા. ૨૪

એટ્રોસિટીની એક ફરીયાદમાં બે આઈપીએસ અને એક પોલીસ ઈન્સ્પેકટરને કોર્ટમાં હાજર રહેવા કોર્ટે સમન્સ પાઠવ્યું હતું જે પૈકી ફક્ત એક જ આઈપીએસ અધીકારીને સમજ બજ્યું હતું. પરંતુ બે પોલીસ અધિકીરઓને સમન્સ ન બજતા તેઓ કોર્ટમાં હાજર રહ્યાં ન હતા. જેના કારણે કોર્ટે નારાજગી વ્યકત કરી હતી અનેઆગામી મુદતમાં સમન્સ બજે તે માટે પોલીસને તાકીદ પણ કરી હતી.

હંસરાજ મંગલ શેખાવતે કરેલી એટ્રોસિટીની ફરીયાદ નીચલી અદાલતે રદ કરતા જણાવ્યું હતું કે, આરોપી સામે કે સ બનતો નથી. જેથી હંસરાજે સેશન્સ કોર્ટમાં આ મામલે રિવિઝન અરજી કરી હતી. જેમાં ગ્રામ્ય કોર્ટના એડિશનલ સેશન્સ જજે આઈપીએસ અધિકારી હરેકૃષ્ણ પટેલ, સુભાષ ત્રિવેદી અને પોલીસ અધિકારી આર.એસ. ચૌધરીના સમન્સ કાઢયા હતા અને તેમને ૨૦ માર્ચના રોજ કોર્ટમાં હાજર રહેવા આદેશ કરવામાં આવ્યો હતો. આ સમન્સ પૈકી આઈપીએસ સુભાષ ત્રિવેદી અને પોલીસ અધીકારી ચૌધરીને સમન્સ બજ્યો ન હતો.

જેથી સુનવણીના દિવસે તેઓ કોર્ટમા ંહાજર રહ્યાં ન હતા. જેથી કોર્ટે પોલીછસ સામે નારાજગી વ્યકત કરી હતી. બીજી તરફ હરેકૃષ્ણ પટેલે સમન્સ બજતા તેમના એડવોકેટ હાજર રહ્યા હતા અને સમય માગ્યો હતો. જેથી કોર્ટે સમય આપ્યો હતો. નોંધનીય છે કે આઈપીએસ અને પોલીસ અધિકારીઓની ઓફિસના યોકક્સ એડ્રેસ હોવા છતા તેમને સમન્સ બજતા નથી. ત્યારે અન્ય આરોપીઓની તો વાત જ શું કરવી તે મુદ્દો કોર્ટમાં ચર્ચાનો વિષય બન્યો હતો.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર

કામદારનું મૃત્યુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

શરુ કરી દીધી હતી. જેથી વસાહતીઓ પણ સ્થળ પર દોડી આવ્યા હતા અને ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ કરી બોલાવી લેવામાં આવી હતી.

ઘટનાની જાણ થતાં ફાયર ઓફીસર મહેશ મોડ કાફલા સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને ફાયરમેન ગૌતમભાઈને શેપ સ્લેડર વડે ગટરમાં ઉતારી કામદાર મંગાભાઈને બહાર કાઢવામાં આવ્યા હતા. જો કે ત્યાં સુધીમાં ગુંગળાઈ જવાથી કામદારનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. પોલીસે મૃતદેહ પોસ્ટ મોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી આપ્યો હતો ત્યાં મૃતકના પરિવારજનોએ જિલ્લા પોલિસ વડા સ્થળ પર આવશે નહી ત્યાં સુધી બોડી સ્વીકારીશું નહિ તેવી હઠ પકડી હતી. જો કે અંતે બે કલાક બાદ તેમણે મૃતદેહ સ્વિકારી લીધો હતો. ઉલ્લેખનીય બાબત છે કે તંત્રની બેદરકારીથી વધુ એક કામદારનું મૃત્યુ થયું હોવાની ચર્ચાએ જોર પકડયું હતું.

બજારમાં કેરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લાલબાગ, પાચરી સહિતની જાતોની આવકો થવા માંડી છે. છતાં હાલમાં માર્કેટમાં ભાવો ઘણાં ઊંચા છે. દામ ઊંચા હોવાથી બધા વર્ગોને તે બધાને તે પોષાય તેમ નથી. ૧૫ દિવસ બાદ આવક વધતા ભાવો ઘટશે. હાલમાં શહેરમાં પાયરી, જૂનાગઢની હાફૂસ, લાલબાગ, રત્નાગીરી હાફૂસ ઉપરાંત બોમ્બે, આંધ્રપ્રદેશ અને કેરાલા સહિતના સ્થળોએથી કેરીની આવકનો પ્રારંભ થયો છે. સિઝનના પ્રારંભમાં એક કિલો કેરીનો ભાવ રૂા. ૩૫૦ થી ૫૦૦ સુધીનો હતો. હાલ તેનો ભાવ રૂા. ૨૬૦ થી ૩૧૦ સુધીનો નોંધાયો છે. પાયરી રૂા. ૪૦ થી ૬૦ અને રત્નાગીરી હાફૂસ રૂા. ૨૫૦ થી ૩૦૦ સુધી વેચાઈ રહી છે. છેલ્લા અઠવાડિયાથી બદામ કેરી પણ બજારોમાં દેખાઈ રહી છે. પરંતુ તેની ગુણવત્તા નીચી હોવાથી ઘરાકી ઓછી છે. વેપારીઓનાં જણાવ્યા પ્રમાણએ આ વખતે કેરીનો પાક સારો છે. જેથી આગામી ૧૫ દિવસમાં જ કેરીની ઢગલાબંધ આવક થશે અને ભાવો પણ નીચા જશે.

જો કે જૂનાગઢની સુપ્રસિદ્ધ કેસર કેરીનો સ્વાદ માણળા માટે હજુ ૨૦-૨૫ દિવસ રાહ જોવી પડશે. અથાણાની કેરીનો પ્રારંભ પણ ટૂંક સમયમાં થઈ જશે. હાલમાં તો હાફૂસ અને લાલબાગ કેરીનું વેચાણ જ વધુ થઈ રહ્યું છે.